


# VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

# DIGITAL PROSPECTUS

## DECENTRALIZED ONLINE ADMISSION FOR

## F. Y. B.Sc.

## (2022-2023)

# UNIVERSITY EMBLEM

The University emblem of VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY presents a circular crest with a spiral of a six pointed star enclosed within a symbol of the sun. The triple imaged emblem is framed by the name of the University in Gujarati on the rim of the left third; in English on the right third, and the motto of the University in Sanskrit on the lower third of the round frame. The motto is ***"SATYAM GYANAM ANANTAM"*** which means "Truth, Knowledge, Infinity." The three-part emblem illustrates this with the sun representing truth, the star representing knowledge and the spiral representing infinity.

## VISION

To be an institute of excellence in higher and technical education segment, sensitive to its regional needs and changing global realities.

## MISSION

In pursuance of its vision, Veer Narmad South Gujarat University offers different programmes through well designed curricular, co-curricular and extra-curricular activities; Undertakes research and reaches out to society at large with various extension activities, in order to empower its stakeholders for the world class skills in terms of research and enquiry, creativity and innovation, capacity to use high technology and value-based ethical leadership.

# <u>શુભેચ્છા સંદેશ</u>



સ્નાતક કક્ષાએ પ્રવેશની કામગીરી સંપૂર્ણ ઓનલાઈન તથા શ્રેષ્ઠતા અને ગુણવત્તાના ધોરણે પારદર્શક રીતે પૂર્ણ કરી શકાય. વિદ્યાર્થીઓએ પોતાના દસ્તાવેજોની ખરાઈ કરવા કોલેજ, યુનિવર્સિટી કે અન્ય કોઈ જગ્યાએ રૂબરૂમાં જવું ન પડે તે રીતનું આયોજન યુનિવર્સિટીએ કરેલ છે. પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન ઉદ્‌ભવતી મુઝવણના નિરાકરણ માટે કોલ સેન્ટર થકી હેલ્પલાઈનની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

ધોરણ ૧૨ની પરીક્ષા ઉત્તીર્ણ થઈને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને સંલગ્ન કોલેજોમાં પ્રવેશ મેળવવા માટે આપ સૌ આતુર છો, આપ સૌને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. જેના કારણે આપનું ભાવિ બંધાય છે, ઘડાય છે અને આપણામાં રાષ્ટ્રિયતાની ભાવના વધુ પ્રગાઢ બને છે તેવા ઉચ્ચ શિક્ષણના નવીન પાઠયક્રમો, નવું જ પર્યાવરણ અને નવા મિત્રો સાથે ભણવાનો આનંદ જ અલગ હોય છે. આપણી યુનિવર્સિટી અને તેની સાથે સંલગ્ન કોલેજોમાં આજે સમયને અનુરૂપ અનેક પ્રકારના અભ્યાસક્રમોનું અધ્યાપન કાર્ય કરાવવામાં આવી રહયું છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ નો અમલ પણ આગામી શૈક્ષણિક વર્ષથી થવાનો છે જેથી તમામ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ થકી રાષ્ટ્ર નિમાર્ણ ના ભગીરથ કાર્યમાં જોડવાની તક મળશે.

સ્નાતક કક્ષાના વર્ગખંડોમાં આપ સૌ યોગ્ય શિક્ષણની સાથે સાથે નૈતિક મૂલ્યોનું શિક્ષણ પણ પ્રાપ્ત કરજો, જેના કારણે આપણો સમાજ તથા આપણું રાષ્ટ્ર સમૃધ્ધિ અને પ્રગતિને પંથે પ્રયાણ કરી શકે. આપ સૌ દેશના ભાવિ નાગરિકો છો અને દેશની પ્રગતિનો આધાર આપ સૌ વિદ્યાર્થીઓ છો. આપના શિરે આ સૌથી મોટી જવાબદારી છે. જેનું વહન આપ સૌ ઉત્તમ રીતે કરી શકશો તેવી મને શ્રધ્ધા છે અને આ ભગીરથ કાર્યમાં સૌ સફળ નીવડો તેવી પુનઃ શુભેચ્છાઓ પાઠવું છું. આ નાગરિક–ધર્મમાં સફળતા મેળવવા માટે શિક્ષણનાં ત્રણ પૂરક ઉપકરણો પૈકી પ્રવચનો, પુસ્તકાલયો અને પ્રયોગશાળાઓનો આપ સૌ ભરપૂર ઉપયોગ કરજો. આ મંત્રને આપ સૌ આદર્શ માનીને આગળ વધજો, જેમાં આપનું જ નહીં પણ આપણા રાષ્ટ્રનું શ્રેય સમાયેલું છે. જે કોઈ રાષ્ટ્રનો વિચાર કરે છે તે સૌનો દેશબંધુ છે.

(ડૉ. કિશોરસિંહ ચાવડા)
કુલપતિ

# શુભેચ્છા સંદેશ



ઉચ્ચતરમાધ્યમિક શાળાની પરીક્ષા પસાર કરવા માટે આપ સૌને અભિનંદન પાઠવું છું અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત અને યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજોના સ્નાતકના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે આવેદનપત્ર પ્રસ્તુત કરવા માટે ધન્યવાદ આપું છું.

આપ સૌ ઉચ્ચશિક્ષણમાં પ્રથમ પગલું માંડી રહયા છો. ઉચ્ચશિક્ષણ વિદ્યાર્થીઓ પાસેથી અમુક પ્રકારની તાલીમની ભૂમિકાની અપેક્ષા રાખે છે. અમુક પ્રકારના બૌધ્ધિક ગજાની અપેક્ષા રાખે છે, અમુક પ્રકારની પૂર્વતૈયારીની અપેક્ષા રાખે છે. આ અપેક્ષાઓ આપ પૂરી કરશો તેવી અપેક્ષા રાખું છું.

ઉચ્ચશિક્ષણ વિદ્યાર્થી પરત્વે ત્રણ કાર્યો કરે છેઃ તેનામાં રહેલી સુષુપ્ત શકિતઓને બહાર લાવે છે, એટલે કે આત્મઅભિવ્યકિતનું કાર્ય કરે છે, તેને પોતાને માટે વિકાસની જે શ્રેષ્ઠ કક્ષા સંભવિત છે ત્યાં પહોંચવામાં, ઉચે ઉઠવામાં સહાય કરે છે, એટલે કે આત્મઆવિષ્કારના કાર્યમાં મદદ કરે છે અને ત્રીજું તેના વિશિષ્ટ રસ, વલણ અને અભિરુચિને સ્વીકારી તેના આગવા વ્યકિતત્વને વિકસાવે છે. આપ સૌને આ કાર્યો આપની ભાવી કારકિર્દીમાં બહુ જ ઉપયોગી નીવડશે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં વિવિધ પ્રકારના અભ્યાસક્રમો ચાલી રહયા છે. આ અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ માટે સરળતાથી આવેદનપત્ર પ્રસ્તુત કરવા માટે ગત વર્ષની જેમ આ વર્ષે પણ સફળ રહેલ ઓનલાઈન સિસ્ટમને અપનાવવામાં આવેલ છે. જેનાથી વિદ્યાર્થીઓને પારદર્શી પ્રવેશ પ્રક્રિયાનો લાભ મળશે. હું આશા રાખું છું કે, આપને આપના મેરીટના ધોરણે આપની ઈચ્છિત સંસ્થામાં પ્રવેશ મળે. ઉચ્ચશિક્ષણમાં ડગ માંડવા માટે આપ સૌને શુભેચ્છાઓ આપું છું. પ્રવેશ પ્રક્રિયા સાથે સંકળાયેલ સહુ કોઈને ધન્યવાદ આપું છું.

(ડૉ. જયદીપ ચૌધરી)

કા. કુલસચિવ

## સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માં પ્રવેશ માટેની જાહેરાત

(શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩)

( ફક્ત ગુજરાત બોર્ડ ના વિધ્યાર્થીઓ માટે જ )

ધોરણ ૧૨ (HSC) તથા તેની સમકક્ષ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર કોલેજોમાં પ્રથમ વર્ષ **B.Com, B.B.A, B.R.S, B.Sc., B.Sc. (Computer Science), BCA** તથા યુનિવર્સિટી પરિસર ખાતે ચાલતા **Five Year Integrated B.Com LL.B (Hons.), Five Year Integrated M.Sc. IT, Five Year Integrated M.Sc. Biotechnology, Five Year Integrated M.R.S. in Sustainable Development,** B.A **Mass Communication, Fine Arts (B.F.A.),** તથા **Interior Design (B.I.D.)** અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે યુનિવર્સિટીની વેબસાઈટ www.vnsgu.ac.in પર ઓનલાઇન રજીસ્ટ્રેસન કરવાની પ્રક્રિયા ચાલુ થઈ ચૂકી છે. **જે વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેસન થઈ ગયું છે તેમણે તેમને મળેલ આઈ.ડી. પાસવર્ડ થી લોગીન કરી આગળનું ફોર્મ ભરવાનું રહેશે . તેમજ જે વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેસન કરવ્યું નથી તેમને સૌપ્રથમ ક્વીક રજીસ્ટ્રેસન કરી આગળનું ફોર્મ ભરવાનું રહેશે જે વિદ્યાર્થીઓ ના પરિણામ જાહેર થઈ ચૂક્યાં છે માત્ર તે જ વિદ્યાર્થીઓએ પ્રવેશ ફોર્મ ભરવાં,** જે વિદ્યાર્થીઓના પરિણામ જાહેર થવાના બાકી છે તેઓએ જયારે પરિણામ જાહેર થાય ત્યાર બાદ **પરિણામ જાહેર થયાની તારીખથી દિન ૦૭ માં ઓનલાઇન ફોર્મ જમા કરાવી દેવાના રહેશે.**

B.R.S. તથા Five Year Integrated M.R.S. in Sustainable Development બંને માટે એકજ કોમન ફોર્મ ભરવાનું રહેશે. એ સિવાય ના પ્રત્યેક અભ્યાસક્રમ માટે અલગ અલગ પ્રવેશ ફોર્મ ભરવાના રહેશે.

**B.Com, B.Sc., B.C.A તથા B.B.A ની પ્રવેશ પ્રક્રિયા સુરત, વલસાડ, નવસારી, બારડોલી અને ભરૂચ એમ પાંચ ઝોન વાઈઝ કરવાની હોવાથી** વિદ્યાર્થીઓએ પોતાની પસંદગી ની કોલેજો જે ઝોનમાં આવતી હોય તે જોઈ તે અનુસાર પ્રવેશ ફોર્મ ભરવાના રહેશે. **જો કોઈ વિદ્યાર્થી એક કરતાં વધુ ઝોન ની કોલેજો માટે પ્રવેશ ફોર્મ ભરવા માંગતા હોય તો પ્રત્યેક ઝોન માટે અલગ અલગ ફોર્મ ભરવાનું રહેશે.** (કયા ઝોનમાં કઈ કઈ કોલેજો નો સમાવેસ કરવામાં આવેલ છે તેની વિગતો વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તે જોયા બાદજ ફોર્મ ભરવાની કાર્યવાહી કરવી).

પ્રવેશ અંગેની લાયકાત તથા પ્રવેશની સંપૂર્ણ વિગતો યુનિવર્સિટીની વેબસાઇટ પર ઉપલબ્ધ છે તેનો બરાબર અભ્યાસ કર્યા બાદ જ ઓનલાઇન ફોર્મ ભરવું. **પ્રવેશ માટેની પ્રોસેસિંગ ફી રૂ. ૨૦૦/- (Non – Refundable)** નેટ બેન્કિંગ, ડેબિટ/ક્રેડિટ કાર્ડ અથવા UPI થી જ ભરવાની રહેશે, અન્ય કોઈપણ રીતે રજીસ્ટ્રેશન ઉપલબ્ધ નથી.

તમામ વિદ્યાર્થીઓએ ઓનલાઇન ફોર્મમાં જ પોતાની માર્કશીટ (શાળા તરફથી આપવામાં આવેલી સહી સિક્કા વાળી માર્કશીટ અથવા જે તે બોર્ડની વેબસાઈટ પરથી / ડિજીલોકર પરથી ડાઉનલોડ કરેલી માર્કશીટ ની પી.ડી.એફ. કોપી અથવા અસલ માર્કશીટ નો ફોટો પાડીને) તથા અન્ય જરૂરી પ્રમાણપત્રો ફરજીયાત ઓનલાઇન જ અપલોડ કરવાના

રહેશે. એસ.સી, એસ.ટી, એસ.ઇ.બી.સી, ઇ.ડબ્લ્યુ.એસ (આર્થિક રીતે પછાત), પી.એચ. (દિવ્યાંગ), સ્પોર્ટ્સ વગેરે કેટેગરી ના વિદ્યાર્થીઓએ સંબંધિત પ્રમાણપત્રો પણ ઓનલાઇન ફોર્મમાં જ અપલોડ કરવાના રહેશે.

વિદ્યાર્થી ડેસ્કટોપ કોમ્પ્યુટર, લેપટોપ અથવા મોબાઈલ થી પોતેજ પોતાનું ફોર્મ ભરી શકશે. વિદ્યાર્થીઓએ સાયબર કાફેમાં ન જતાં પોતે ફોર્મ ભરવું અથવા નજીકની કોલેજ અથવા શાળામાં જઈ ફોર્મ ભરવું હિતાવહ છે. કોલેજો તથા શાળાઓ વિદ્યાર્થી પાસે રૂ. ૫૦ લઈ ફોર્મ ભરવાની સુવિધા ઉપલબ્ધ કરાવશે. દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી કાર્યવિસ્તારમાં આવેલ તમામ શાળાઓ અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો હેલ્પ સેન્ટર તરીકે કાર્યરત રહેશે. ડોકયુમેન્ટ જમા કરાવવા કે વેરીફાય કરાવવા કોઈપણ કોલેજ, યુનિવર્સિટી કે હેલ્પસેન્ટર પર રૂબરૂ જવાનું રહેશે નહીં. **ઓનલાઇન ફોર્મ ભરવામાં થતી મુઝવણ માટે હેલ્પલાઇન નંબર ૦૨૬૧૨૩૮૮૮૮** પર જ પૂછપરછ કરી સ્પષ્ટતા મેળવી લેવાની રહેશે.

વિદ્યાર્થીઓને ફાળવવામાં આવનાર પ્રવેશ પ્રોવિઝનલ ગણાશે, કોઈપણ તબક્કે રજૂ કરેલ દસ્તાવેજ (ડોકયુમેન્ટ) ની સત્યતા બાબતે અથવા પ્રવેશ માટેની નિર્ધારિત લાયકાતની પરિપૂર્ણતા અંગે કોઈ વિસંગતતા ઊભી થાય તેવા સંજોગોમાં પ્રવેશ રદ કરવા સહિતનો યુનિવર્સિટીનો નિર્ણય આખરી ગણાશે.

કુલ બેઠકો પૈકીની ૮૦% બેઠકો ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ માટે તથા કુલ બેઠકો પૈકીની ૨૦% બેઠકો CBSE તથા અન્ય બોર્ડના વિદ્યાર્થીઓ માટે ફાળવવામાં આવેલ છે.

**નોંધ:.**

1. **શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૨–૨૦૨૩ માટે પ્રથમ વર્ષ B.A.** ની પ્રવેશ પ્રક્રિયા જે તે કોલેજ ખાતે કરવામાં આવનાર હોવાથી કોલેજનો સમ્પર્ક કરવાનો રહેશે. **માર્ચ–એપ્રિલ ૨૦૨૨ અથવા તે પહેલા પ્રથમ વર્ષ બી.એ.માં પ્રવેશ પાત્રતા માટે કે તેની સમકક્ષ પરીક્ષા આપી હોય, તેવા પ્રવેશાર્થીઓએ આપેલ પરીક્ષાની હોલટીકીટની નકલ સાથે પ્રવેશ નોંધણી તા.૨૭–૦૫–૨૦૨૨ સુધીમાં કરવાની રહેશે.**
2. **MBBS, BHMS,** B.Sc Nursing, B. Optometry, B. Architecture તથા **B. Physiotherapy** ના પ્રવેશ યુનિવર્સીટી દ્વારા કે યુનિવર્સિટી સંલગ્ન કોલેજ દ્વારા કરવામાં આવતા નથી પરંતુ ગજરાત સરકારશ્રી દ્વારા નિયુક્ત સેન્ટ્રલાઈઝડ એડમિશન કમિટી દ્વારા કરવામાં આવે છે .
3. હાલ માત્ર ગુજરાત સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજુકેશન બોર્ડ,ગાંધીનગર )ગુજરાત બોર્ડ(ના વિદ્યાર્થીઓ માટેની પ્રવેશ પ્રકિયા હાથ ધરવામાં આવશે CBSE બોર્ડ તથા અન્ય બોર્ડના વિદ્યાર્થીઓ માટેની પ્રવેશ પ્રકિયા CBSE બોર્ડ ના પરિણામ જાહેર થયા બાદ કરવામાં આવશે CBSE બોર્ડ તથા અન્ય બોર્ડના વિદ્યાર્થીઓ માટે ૨૦% બેઠકો રાખવામા આવેલ છે .

તા. ૧૬/૫/૨૦૨૨ ઈ.ચા.કુલસચિવ

સ્થળ: સુરત

## B.Sc.

## Eligibility

B.Sc., માં પ્રવેશ માટે ઉમેદવારે ધો.૧૨ માં વિજ્ઞાનપ્રવાહ સાથે ગુજરાત ઉચ્ચતર માધ્યમિક બોર્ડની અથવા સમકક્ષ બોર્ડની (CBSE, ICSE બોર્ડ) પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ.

Candidate must have passed standard 12th (H.S.C.) Examination with science stream through Gujarat Higher Secondary Education Board (G.H.S.E.B.) or any other equivalent board (like CBSE, ICSE) for Admission in B.Sc.

(૧) વિદ્યાર્થી ધ્વારા યુનિવર્સિટી વેબસાઈટ www.vnsgu.ac.in ઉપર ઓનલાઈન ફોર્મ ભરી શકશે. Online ફોર્મ ભરતા પહેલા upload કરવાના તમામ documents S.S.C. અને H.S.C ની માર્કશીટ (SC, ST, SEBC, (Non-Creamy layer) P.H., EWS, Sports) ની soft copy તૈયાર રાખવાની રહેશે. ઓછામાં ઓછી 100 KB તથા વધુમાં 300 KB વધુ ની સાઈઝની jpg અથવા jpeg ફાઈલ બનાવી ડાકયુમેન્ટ અપલોડ કરવાના રહેશે. ધોરણ–૧૦ તથા ધોરણ–૧૨ માં એક કરતા વધુ પ્રયત્નોથી પાસ થયેલા હોય તેવા કિસ્સામાં જે તે ધોરણની તમામ પ્રયત્નોની માર્કશીટોની એક જ પી.ડી.એફ. (વધુમાં વધુ 5 એમ.બી.) ફાઈલ બનાવી પી.ડી.એફ. ફોર્મટમાં જ અપલોડ કરવાની રહેશે.

(૨) પ્રવેશ અંગેની લાયકાત તથા પ્રવેશની સંપૂર્ણ વિગતો યુનિવર્સિટીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે તેનો બરાબર અભ્યાસ કર્યા બાદ જ ઓનલાઈન ફોર્મ ભરવું પ્રવેશ માટેની પ્રોસેસિંગ ફી રૂા. ૨૦૦/– (Non Refundable) નેટ બેન્કિંગ, ડેબિટ / ક્રેડિટ કાર્ડ અથવા UPI થી જ ભરવાની રહેશે. અન્ય કોઈપણ રીતે રજીસ્ટ્રેશન ઉપલબ્ધ નથી.

(૩) ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવા માટે વિદ્યાર્થી પાસે મોબાઈલ નંબર તથા પોતાનું ઈમેઈલ આઈડી હોવું ફરજિયાત છે. સૌ પ્રથમ વિદ્યાર્થીએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું રહેશે. જેમાં વિદ્યાર્થીને તેનો એપ્લીકેશન નંબર તથા પાસવર્ડ તેના મોબાઈલ તથા ઈમેઈલમાં મળશે. ત્યારબાદ પ્રાપ્ત થયેલ એપ્લિકેશન નંબર તથા પાસવર્ડની મદદથી વિદ્યાર્થીએ ઓનલાઈન પ્રવેશ ફોર્મમાં માંગ્યા મુજબની તમામ વિગતો અચૂક ભરવાની રહેશે તથા તમામ દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે. વિદ્યાર્થીએ પોતાને મળેલ પાસવર્ડ ગુપ્ત રાખવાનો રહેશે તથા તેને રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી સાચવી રાખવો ખૂબ જરૂરી છે.

(૪) વિદ્યાર્થી ડેસ્કટોપ કોમ્પ્યુટર, લેપટોપ અથવા મોબાઈલ થી પોતેજ પોતાનું ફોર્મ ભરી શકશે. વિદ્યાર્થીઓએ સાયબર કાફેમાં ન જતા પોતે ફોર્મ ભરવું અથવા નજીકની કોલેજ અથવા શાળામાં જઈ ફોર્મ ભરવું હિતાવહ છે. કોલેજો તથા શાળાઓ વિદ્યાર્થી પાસે રૂા. ૫૦/– લઈ ફોર્મ ભરવાની સુવિધા ઉપલબ્ધ કરાવશે.

(૫) ઓનલાઈન ફોર્મ ભરવામાં થતી મુઝવણ માટે હેલ્પલાઈન નંબર 0261-2388888 પર જ પૂછપરછ કરી સ્પષ્ટતા મેળવી લેવાની રહેશે.

(૬) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કાર્યવિસ્તારમાં આવેલ તમામ શાળાઓ અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો હેલ્પસેન્ટર તરીકે કાર્યરત રહેશે.

(૭) પ્રવેશ ફોર્મ ઓનલાઈન ભરાઈ ગયા બાદ દરેક વિદ્યાર્થીએ પાતાના રેકોર્ડ માટે ભરાઈ ગયેલા ફોર્મની સોફ્ટ કોપી અથવા પ્રીન્ટ રેકોર્ડ માટે સાચવીને રાખવાની રહેશે. કોઈ પણ વિદ્યાર્થીઓએ ડોકયુમેન્ટ વેરીફીકેશન માટે કોલેજ પર જવાનું નથી. યુનિવર્સિટી દ્વારા ઓનલાઈન વેરીફીકેશન કરવામાં આવશે.

(૮) **<u>અનામત બેઠકો</u>**

ગુજરાત સરકારશ્રીનાનિયમો અનુસાર જુદી જુદી કેટેગરીમાં અનામત બેઠકો અંગેની માહિતી નીચે પ્રમાણે છે. જો વિદ્યાર્થીઓ અનામત બેઠકોનો લાભ મેળવવો હોય તો સક્ષમ અધિકારી પાસેથી મેળવેલ જાતિ અંગેનું પ્રમાણપત્ર અવશ્યપણે રજૂ કરવાનું રહેશે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ સક્ષમ અધિકારી પાસેથી મેળવેલ જાતિ અંગેનું પ્રમાણપત્ર ઉપરાંત ઉન્નત વર્ગમાં આવતા નથી તે બાબતના પ્રમાણપત્રની અવધી (Validity) આવું પ્રમાણપત્ર જે નાણાંકીય વર્ષમાં મેળવ્યુ હોય તે સહિત ત્રણ નાણાંકીય વર્ષની હોય છે તે મુજબ અવધી પૂર્ણ થયેલી ન હોવી જોઈએ.

| ક્રમ | કેટેગરી | અનામતની ટકાવારી |
|---|---|---|
| ૧ | એસ. સી. | ૭% |
| ૨ | એસ.ટી. | ૧૫% |
| ૩ | એસ.ઈ.બી.સી. | ૨૭% |
| ૪ | ઈ.ડબલ્યુ.એસ. | ૧૦% |

એસ.સી. અને એસ.ટી. અને એસ.ઈ.બી.સી. કેટેગરીની ખાલી રહેલ બેઠકોને ઓપન કેટેગરીમાં તબદીલ કરવામાં આવશે અને તે ખાલી બેઠકો પર ઓપન કેટેગરીના ઉમેદવારોને મેરીટના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

ગુજરાત રાજય બહારના એસ.સી./એસ.ટી./એસ.ઈ.બી.સી. વિદ્યાર્થીઓને અનામત બેઠકનો લાભ મળવાપાત્ર નથી. જો તેમણે અનામત બેઠકનો લાભ મેળવવો હોય તો ગુજરાત સરકારનું સક્ષમ અધિકારી પાસેથી મેળવેલ જાતિ અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. ઉપરોકત તમામ અનામત બેઠક ઉપર મેરીટના આધારે પ્રવેશ આપવામાં આવશે.

બિનઅનામત વર્ગના Economically Weaker Section(EWS) કેટેગરીમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓએ EWS માટેનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારી પાસેથી મેળવી રજૂ કરવાનું રહેશે.

**<u>શારીરિક રીતે વિકલાંગ વિદ્યાર્થીઓ માટેની અનામત બેઠકો અંગે :</u>**

૧. શારીરિક રીતે વિકલાંગ ઉમેદવારો માટે બેઠકના ૫% બેઠક અનામત રહેશે (જે તે કેટેગરીમાં સમાવિષ્ટ) શારીરિક રીતે વિકલાંગ વિદ્યાર્થી જો અનામત બેઠકોનો લાભ મેળવવા માંગતા હોય તો તેણે સક્ષમ અધિકારી પાસેથી મેળવેલ ૪૦% કે તેના કરતા વધુ વિકલાંગતા દર્શાવતુ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૨. કુલ બેઠકો પૈકીની ૮૦ % બેઠકો ગુજરાત સેકેન્ડરી એન્ડ હાયર સેકન્ડરી બોર્ડ, ગાંધીનગર માટે તથા કુલ બેઠકો પૈકીની ૨૦ % બેઠકો તથા અન્ય બોર્ડના વિદ્યાર્થીઓ માટે ફાળવવામાં આવે છે.

૩. કાશ્મીરી સ્થળાંતરીત માટે કોલેજ કોર્ષ/પ્રોગ્રામ દીઠ બે સીટ અનામત રહેશે.

(૯) સ્પોર્ટસ કવોટાની બેઠકો માટે સિન્ડિકેટની તા. ૦૯/૦૬/૨૦૨૧ ની સભામાં નીચે મુજબ ઠરાવેલ છે.

**:: આથી ઠરાવવામાં આવે છે કે, રાષ્ટ્રીય કક્ષાએ અથવા રાજય કક્ષાએ ખેલકુદ / સાંસ્કૃતિક પ્રવૃતિઓ કે જે રમતગમત કે પ્રવૃતિઓ યુનિવર્સિટી દ્વારા જ પૈકીની આપણી યુનિવર્સિટી દ્વારા આગલા વર્ષમાં યોજાયેલ હોય, તેમા વિજેતા થયેલ વિદ્યાર્થીઓને ગ્રાન્ટ–ઈન–એઈડ તથા સ્વનિર્ભર સંસ્થાઓમાં વર્ગદીઠ ૪ બેઠકોની ફાળવણી થઈ શકશે. અને તે માટે અલગ અરજી મંગાવી મેરીટ બનાવીને વિદ્યાર્થીઓનું કાઉન્સિલીંગ કરી યુવક કલ્યાણ વિભાગ દ્વારા કોલેજોમાં પ્રવેશો ફાળવવાના રહેશે.**

**વધુમાં ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમા સ્પોર્ટસ કવોટોમાં ફાળવાયેલી બેઠકોને સુપરન્યુમરી બેઠકો ગણી પ્રવેશ આપવા અને સ્વનિર્ભર કોલેજોમાં સ્પોર્ટસ કવોટોમાં ફાળવાયેલી બેઠકોને તે કોલેજોની કુલ બેઠકોના ભાગ તરીકે ગણીને પ્રવેશ આપવા.**

(૧૦) B.Sc. ની પ્રવેશ પ્રક્રિયા સુરત, વલસાડ,નવસારી, બારડોલી અને ભરૂચ એમ પાંચ ઝોન વાઈઝ કરવાની હોવાથી વિદ્યાર્થીઓએ પોતાની પસંદગીની કોલેજો જે ઝોનમાં આવતી હોય તે જોઈ તે અનુસાર પ્રવેશ ફોર્મ ભરવાના રહેશે. જો કોઈ વિદ્યાર્થી એક કરતા વધુ ઝોન ની કોલેજો માટે પ્રવેશ ફોર્મ ભરવા માંગતા હોય તો પ્રત્યેક ઝોન માટે અલગ અલગ ફોર્મ ભરવાનું રહેશે. (કયા ઝોનમાં કઈ કઈ કોલેજો નો સમાવેશ કરવામાં આવેલ છે. તેની વિગતો નીચે મુજબ છે.

## <u>B.Sc. Surat - Zone</u>

| Sr. No | College Type | College Name | MEDIUM | GROUP NAME F.Y. B.Sc. | GROUP NAME S.Y. B.Sc. | PRINCIPLE SUBJECT AT T.Y. B.Sc. | TOTAL SEATS |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Grant In Aid | SIR P. T. SARVAJANIK COLLEGE OF SCIENCE, **SURAT**<br>PH: 0260-2240028<br>Email: principal@ptscience.org | English | C/P/M | C/ P<br>C/M<br>P/M<br>M/S<br>C/B<br>C/Z | C<br>M<br>P<br>B<br>Z | 450 |
| | | | Gujarati | C/P/M | C/P<br>C/M<br>P/M<br>M/S<br>C/B<br>C/Z | C<br>M<br>P<br>B<br>Z | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 2 | Grant In Aid | NAVYUG SCIENCE COLLEGE, **SURAT**.<br>PH : 0261-2784103, 2781404<br>Email :<br>navyugsciencecollege@yahoo.com | Gujarat | C/P/M<br>C/M/S<br>C/P/Z | C/P<br>C/M<br>P/C<br>P/M<br>M/S<br>C/S<br>S/M | C<br>P<br><br>S | **300** |
| 3 | Grant In Aid | SHRI J.S. BHAKTA & SHRI K.M. BHAKTA ARTS & SHRI A.N. SHAH SCIENCE & SHRI N.F. SHAH COMMERCE COLLEGE, **KHOLWAD**<br>**PH: 02621-254560**<br>**Email : kholwadcollege@gmail.com** | Gujarati | C/P/M<br>C/P/Z | C/P | C | **150** |
| 4 | SFI | C.B. PATEL COMPUTER COLLEGE & J.N.M. PATEL SCIENCE COLLEGE, **BHARTHANA**, VESU, SURAT<br>PH:0261-2260004<br>Email:<br>infonavnirmanmandal@gmail.com | Gujarati | C/P/B<br>C/P/M<br>C/P/Z | C/P<br>C/B | C<br>MB<br>M | 625 |
| | | | English | MB/C/B<br>MB/C/Z<br>M/P/S | MB/C<br>MB/B<br>MB/Z<br>M/P<br>M/S | | |
| | | | | C/P/CS | | | |
| 5 | SFI | DEPARTMENT OF BIO-TECHNOLOGY, **VNSGU, SURAT**<br>PH: 0261-2203088<br>Email : dbtvnsgu1088@gmail.com | English | MB/MT/<br>ES | MB/MT | MB | **125** |
| 6 | SFI | M.L. PARMAR SCIENCE COLLEGE, **MASMA**, SURAT<br>PH: 9979983374<br>Email: mlpsc2014@gmail.com | Gujarati | C/P/M<br>C/P/B | C/P<br>C/B | C | **250** |
| 7 | SFI | SHRI J.S. BHAKTA & SHRI K.M. BHAKTA ARTS & SHRI A.N. SHAH SCIENCE & SHRI N.F. SHAH COMMERCE COLLEGE,**KHOLWAD**<br>**PH: 02621-254560**<br>**Email : kholwadcollege@gmail.com** | English | MB/C/Z | MB/C | MB | **250** |
| 8 | SFI | VIDHYADEEP INSTITUTE OF SCIENCE, **ANITA(KIM)**,SURAT<br>PH: 7567489888<br>7874344176<br>Email:<br>vidhyadeepscience@gmail.com,<br>info@vidhyadeep.org | Gujarati | C/P/M<br>C/P/B | C/P<br>C/B | C | **625** |
| | | | | M/P/C | M/P | M | |
| | | | | MB/B/C | MB/B | MB | |
| 9 | SFI | ATMANAND SARASWATI SCIENCE COLLEGE, **VARACHHA**<br>PH:0261-2574645, 6356127567<br>Email : asscsurat@gmail.com | English | MB/C/B<br>C/P/M<br>C/P/B | MB/C<br>C/P<br>M/P | MB<br>C<br>M | **375** |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 10 | SFI | SDJ INTERNATIONAL COLLEGE, PLOT NO.528, PALSANA CHAR RASTA, N.H.NO.8, PALSANA-394310, DIST-SURAT<br>Mo.9277778811, 9825568096<br>Email: dkv180@gmail.com | English | **MB/C/Z** | C/MB | **MB** | **125** |
| 11 | SFI | NAVYUG SCIENCE COLLEGE, SURAT MORARJI DESAI EDUCATION COMPLEX, RANDER ROAD, SURAT-395009<br>PH: 0261-2784103, 9426189399<br>Email : aspatel63@yahoo.com | Gujarati | **M/P/C**<br>**Z/C/P** | Z/C<br>ZP | **M**<br>**Z** | **125** |
| 12 | SFI | VISHWABHARTI GIRLS INTITUTE OF SCIENCE & TECHNOLOGY, SIMADI-KOSMAD ROAD, **MORTHANA**, SURAT-394325 **(GIRLS ONLY)**<br>PH : 7863864800<br>Email : vishwavbhartigirlscolleges@gmail.com | English | MB/C/B | M/C<br>M/B | **MB** | **125** |
| | | | English/ Gujarati | **C/P/M**<br>**C/B/Z** | C/P<br>C/M<br>C/B | C | **125** |
| 13 | SFI | ADARSH KELVANI MANDAL, KOSAMBA SANCHALIT SCIENCE AND COMMERCE COLLEGE, **TARSADI**<br>PH : 9586128170, 9825378548<br>9510288414,<br>Email : akmkosamba@gmail.com | Gujarati | C/P/M<br>**C/P/B** | C/M<br>C/P<br>C/B | C | **125** |
| | | | English | **MB/C/P** | MB/C | **M** | **125** |
| 14 | GOVERNMENT | GOVERNMENT SCIENCE COLLEGE, PRATHMIK SHALA NO. 303, SIMADA GAM, VARACHHA, SURAT | English/ Gujarati | C/P/M<br>**C/P/B** | **CP/**<br>**CB/**<br>**PM/** | **C**<br>**M**<br>**P**<br>**B** | **300** |
| 15 | GOVERNMENT | GOVERNMENT ARTS, COMMERCE & SCIENCE COLLEGE, NAGAR PRATHMIK SHALA ISHWARPURA, NAVA GAM, LIMBAYAT, SURAT | | | | | **150** |

# B.Sc. - Valsad – Vapi Zone

| Sr. No | College Type | College Name | MEDIUM | GROUP NAME F.Y. B.Sc. | GROUP NAME S.Y. B.Sc. | PRINCIPLE SUBJECT AT T.Y. B.Sc. | TOTAL SEATS |
|---|---|---|---|---|---|---|---|
| 1 | GOVERNMENT | GOVERNMENT ARTS, SCIENCE & COMMERCE COLLEGE, **DAMAN**<br>PH:0260-2262027,2260436<br>Email: govtcollegedmn1966@gmail.com | English | C/P/M<br>C/B/Z | C/P<br>C/M<br>C/B<br>C/Z<br>M/P<br>B/Z | C<br>M<br>B<br>Z | **150** |
| 2 | GOVERNMENT | GOVERNMENT SCIENCE COLLEGE, **KILLA PARDI**, VALSAD<br>PH: 0260-2373700<br>8780300708<br>Email: gscparadi@gmail.com | Gujarati | C/M/P<br>M/C/P<br>C/B/P<br>B/C/P | C/M<br>C/B<br>M/C<br>B/C | C<br>M<br>B | **300** |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 3 | GOVERNMENT | GOVERNMENT SCIENCE COLLEGE, **BHILAD**<br>PH: 9898760498<br>Email: gscbhilad@gmail.com | Gujarati | C/P/M<br>C/P/B<br>C/B/ Z | C/P<br>C/P<br>C/B<br>C/M | C<br>B<br>C | **300** |
| 4 | Grant In Aid | B. K. M. SCIENCE COLLEGE, **VALSAD**<br>PH: 02632- 243049<br>Email : bkmscience@yahoo.com | Gujarati& English | C/P/M<br>C/M/S<br>C/P/B<br>C/B/Z<br>C/P/EL | C/B<br>B/Z<br>C/P<br>C/M<br>P/M<br>M/S<br>C/S | C<br>M<br>P<br>B | **450** |
| 5 | SFI | DOLAT USHA INSTITUTE OF APPLIED SCIENCES & DHIRU-SARLA INSTITUTE OF MANAGEMENT & COMMERCE, **VALSAD**<br>PH:02632-244428<br>Email: duias_valsad@yahoo.co.in | English<br>Gujarati / English | MB/B/Z<br>MB/B/C<br>C/M/CS<br>C/B/CS | MB/B<br>C/ M<br>C/B | MB<br>C | **375** |
| 6 | SFI | K. B. SUMERIA COMMERCE & NATARAJ PROFESSIONAL SCIENCE COLLEGE, **VAPI**<br>PH:9974418486<br>Email: kbs_vapi@rediffmail.com<br>kbscollege2001@gmail.com | English | C/P/M<br>MT/MB/Z<br>MB/MT/C | C/M<br>MT/MB | C<br>MT<br>MB | **375** |
| 7 | SFI | NIRMALABEN KISHORBHAI DESAI SCIENCE COLLEGE, **KILLA PARDI**<br>PH : 0260-2374073, 2373327<br>Email :<br>nkdsciencecollege@gmail.com | Gujarati | C/P/M<br>C/P/B | C/P<br>C/B | C | **250** |
| 8 | SFI | R.K. DESAI SCIENCE COLLEGE, **VAPI**<br>PH: 9558285548<br>Email: rkd_bsc@yahoo.com | Gujarati<br>English | C/M/CS<br>C/MB/B | C/M<br>MB/C | C<br>MB | **250** |
| 9 | SFI | SHRIMAD RAJCHANDRA VIDYAPEETH, **DHARAMPUR**, VALSAD<br>PH : 9898400383<br>Email : vidyapeeth.adm@gmail.com | Gujarati | C/M/CS<br>C/B/P<br>MB/B/C<br>B/C/P<br>M/P/CS<br>C/P/B | C/M<br>C/B<br>M/B<br>M/P<br>B/P<br>B/S | C<br>MB<br>B<br>M | **500** |
| 10 | SFI | SURESH MEHTA COLLEGE OF SCIENCE & COMMERCE, UMARGAM<br>PH: 9409369903<br>Email:<br>sureshmehtacollege@gmail.com | Gujarati<br>English | C/P/M<br>C/P/B | C/P | C | **125** |

# B.Sc. Bharuch – Narmada Zone

| Sr. No | College Type | College Name | MEDIUM | GROUP NAME F.Y. B.Sc. | GROUP NAME S.Y. B.Sc. | PRINCIPLE SUBJECT AT T.Y. B.Sc. | TOTAL SEATS |
|---|---|---|---|---|---|---|---|
| 1 | GOVERNMENT | GOVERNMENT COMMERCE & SCIENCE COLLEGE, **DAHEJ**<br>PH : 8141378833<br>Email : gcscdahejvagra@gmail.com | Gujarati | C/P/M<br>C/P/B | C/P<br>C/B | C<br>B | **150** |
| 2 | GOVERNMENT | GOVERNMENT SCIENCE COLLEGE, **VANKAL**<br>PH : 02629- 243444<br>9428506019<br>Email : gscprincvankal@gmail.com | Gujarati | C/P/M<br>M/P/C<br>C/B/Z<br>Z/B/C<br>B/Z/C<br>MB/Z/B | C/P<br>C/B<br>M/P<br>B/Z<br>Z/B<br>MB/Z | C<br>M<br>B<br>Z<br>MB | **300** |
| | | | English | P/M/C | P/M | P | |
| 3 | Grant In Aid | NARMADA COLLEGE OF SCIENCE & COMMERCE, **ZADESHWAR**<br>PH: 02642-231930,232401<br>Email : principal@narmadacollege.ac.in | English | C/P/M<br>C/P/B | C/M<br>C/P<br>C/BIOS | C | **275** |
| | | | | EL/P/M<br>EL/P/Comp<br>EL/M/Comp<br>EL/P/B<br>EL/B/Comp | EL/P<br>EL/M<br>E/Comp | EL | |
| 4 | Grant In Aid | SHREE JAYENDRAPURI ARTS & SCIENCE COLLEGE, **BHARUCH**<br>PH. 20642- 249802<br>Email : jayendrapuricollege@yahoo.in | Gujarati | C/P/M<br>C/P/B | C/P<br>C/M<br>C/B | C<br>M | **450** |
| | | | English | EL/P/M<br>C/P/EL | EL/P or<br>M/P<br>C/EL or<br>C/P | EL or M<br>C or EL | |
| 5 | Grant In Aid | SHRI MAHARAJA RAJENDRASINHJI ARTS & SCIENCE COLLEGE, **RAJPIPLA**<br>PH:02640-220012<br>Email : mrcrajpipla@gmail.com | Gujarati | C/P/M<br>C/P/B | C/P | C | **150** |
| 6 | SFI | IQRA SCIENCE COLLEGE, DAHEJ ROAD, **BHARUCH**<br>PH: 0264-2223484,<br>9925937159, 6353899569<br>Email : iqrasciencecollege383@gmail.com | Gujarati | C/P/M<br>C/P/B | C/P<br>C/M<br>C/B | C | **125** |
| 7 | SFI | J.M. SHAH SCIENCE COLLEGE, **JAMBUSAR**, BHARUCH<br>PH : 02644-222005, 220005<br>Email: jmshah_science@yahoo.com | Gujarati | C/P/M<br>C/P/B | C/P<br>C/M<br>C/B | C | **125** |
| **8** | **SFI** | **SHRI MANILAL KADAKIA COLLEGE OF MANAGEMENT & COMPUTER STUDIES, ANKLESHWAR**<br>**PH : 9662534664,** | **English** | **C/P/M**<br>**C/P/B** | **C/P**<br>**C/B**<br>**C/M** | **C** | **125** |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **9574122391**<br>**Email :**<br>**kadakiacollege@hotmail.com**<br>**kadakiacollege@yahoo.com** | | | | MB | **125** |
| 9 | SFI | SONDARBA RAMSINH MANGROLA INSTITUTE OF SCIENCE STUDIES, **VALIA**, BHARUCH<br><br>PH:02643-270290/270148<br>9427166622/8849714030<br>Email:<br>srm.sciencestudies@gmai.com | Gujarati / English | C/P/M<br>C/P/B | C/P<br>C/B<br>C/M | C | **250** |
| 10 | GOVERNMENT | GOVERNMENT ARTS COLLEGE, DEDIYAPADA, PANSAR ROAD, TAL. DEDIYAPADA, DIST. NARMADA- 393040 | | | | | **150** |

# B.Sc. Bardoli – Tapi Zone

| Sr. No | Program Name | College Name | MEDIUM | GROUP NAME F.Y. B.Sc. | GROUP NAME S.Y. B.Sc. | PRINCIPLE SUBJECT AT T.Y. B.Sc. | TOTAL SEATS |
|---|---|---|---|---|---|---|---|
| 1 | GOVERNMENT | GOVERNMENT SCIENCE COLLEGE, **AHWA**, DANG<br>PH:02631-220138<br>Email: gscahwa@gmail.com | Gujarati | C/P/M<br>C/P/B | C/P<br>C/M<br>P/B<br>C/B<br>M/P | C<br>B<br>P | **150** |
| 2 | GOVERNMENT | GOVERNMENT SCIENCE COLLEGE, **VALOD**<br>PH: 02625-220181<br>9033996723<br>7984809202<br>Email: gscv394640@gmail.com | Gujarati/ English | C/P/M<br>EL/P/M<br>C/B/Z<br>C/B/P | M/P<br>C/P<br>C/M<br>C/B<br>B/Z<br>C/Z | M<br>C<br>B<br>Z | **425** |
| | | | Gujarati | C/P/B<br>C/P/ Z | C/B | B | |
| 3 | GOVERNMENT | GOVERNMENT SCIENCE COLLEGE, **SONAGADH**, TAPI<br>PH:02624-222789, 9429458473<br>9724983806<br>Email: gscsongadh@gmail.com | Gujarati | C/P/M<br>M/P/C<br>C/B/Z<br>Z/B/C<br>B/Z/C<br>C/P/B | C/P<br>M/P<br>C/M<br>C/B<br>B/Z<br>ZB | C<br>M<br>Z<br>B | **300** |
| 4 | Grant In Aid | THE PATIDAR GIN SCIENCE COLLEGE, **BARDOLI.**<br>PH : 02622-220003<br>Email :<br>sciencecollegebardoli@gmail.com | Gujarat | C/P/M<br>C/P/BIOS (MB)<br>C/P/B | C/P<br>M/P<br>C/B<br>C/BIOS (MB) | C<br>M<br>BIOS(MB) | **300** |
| 5 | SFI | THE MANDVI EDUCATION SOCIETY BBA,BCA & SCIENCE COLLEGE, **MANDVI**<br><br>PH:02623-221015,16,49<br>222462<br>9427946892<br>Email: bsc.mandvi@gmail.com | Gujarati | C/P/MB<br>C/P/Z<br>MB/C/Z | M/P<br>C/P<br>MB/C | M<br>C<br>MB | **375** |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 6 | GOVERNMENT | GOVERNMENT ARTS & COMMERCE COLLEGE, KACHHAL | | | | | **150** |
| 7 | GOVERNMENT | GOVERNMENT ARTS COLLEGE, UMARPADA | | | | | **150** |

# B.Sc. Navsari – Bilimora Zone

| Sr. No | Program Name | College Name | MEDIUM | GROUP NAME F.Y. B.Sc. | GROUP NAME S.Y. B.Sc. | PRINCIPLE SUBJECT AT T.Y. B.Sc. | TOTAL SEATS |
|---|---|---|---|---|---|---|---|
| 1 | BACHELOR OF SCIENCE | GOVERNMENT SCIENCE COLLEGE, **CHIKHLI.** PH:02634-290291 9825531815 Email: gscchikhli@gmail.com | Gujarati | C/P/M<br>C/B/Z<br>CS/M/EL<br>C/B/Z Z/B/C B/Z/C<br>C/M/S<br>C/P/B<br>C/B/Z | C/P M/P C/M CS/P C/B B/Z | C M B | **300** |
| 2 | BACHELOR OF SCIENCE | B. P. BARIA SCIENCE INSTITUTE, (Minority Institute) **NAVSARI** **PH :02637-257310** **Email: bpbaria@yahoo.co.in** | English & Gujarati | M/C/P Z/C/P MB/Z/C | C/MB, C/M C/P M/P MB/C MB/Z P/M | C MB Z P M | **600** |
| 3 | BACHELOR OF SCIENCE | V.S. PATEL COLLEGE OF ARTS & SCIENCE, **BILIMORA** PH : 02634-283820 Email : vspc1961@gmail.com | Gujarati | C/P/M<br>C/P/B<br>C/P/S<br>C/M/S<br>P/M/S | M/S M/P C/P C/S | M S P C | **300** |
| 4 | BACHELOR OF SCIENCE | COLLEGE OF APPLIED SCIENCES AND PROFESSIONAL STUDIES, **CHIKHALI**, NAVASARI PH: 02634-233189 9825948460 Email : avsolanki@rediffmail.com, casps@ymail.com | Gujarati | C/P/M<br>C/P/C | C/P | C | **125** |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 5 | BACHELOR OF SCIENCE | NARAN LALA COLLEGE OF PROFESSIONAL & APPLIED SCIENCES, **NAVSARI**<br>PH: 02637-282601, 282901, 282902 9824870311<br>Email: naranlalacollege@gmail.com | English | C/MB/MT | MT/MB<br>MB/ C | MT<br>MB | **375** |
| | | | English / Gujarati | C/P/MB | C/P | C | |
| 6 | BACHELOR OF SCIENCE | S.S. AGRAWAL COLLEGE OF COMMERCE & MANAGEMENT, **NAVSARI**<br>PH : 02637-232667, 232857 (9023815766)<br>Email: contact@agrawaleducation.net | English | C/P/M<br>MB/C/P | C/P<br>C/M | C | **250** |
| | | | | C/P/MB | MB/C | MB | |
| 7 | BACHELOR OF SCIENCE | V.S. PATEL COLLEGE OF ARTS & SCIENCE, **BILIMORA**<br>PH: 02634-281172 , 283820<br>Email : vspcsf2016@gmail.com | Gujarati | C/P/M<br>C/P/B | C/P<br>C/B | C | **125** |
| | | | | | | | |
| 8 | GOVERNMENT | GOVERNMENT ARTS & COMMERCE COLLEGE, KHERGAM, | | | | | **150** |

| Name of Subject | Abbreviation | Name of Subject | Abbreviation |
|---|---|---|---|
| BIOTECHNOLOGY | BT | MATHEMATICS | M |
| BIOSCIENCE | BIOS | MEDICAL TECHNOLOGY | MT |
| BOTANY | B | MICROBIOLOGY | MB |
| CHEMISTRY | C | PHYSICS | P |
| COMPUTER SCIENCE | CS | STATISTICS | S |
| ELECTRONICS | EL | ZOOLOGY | Z |

## B.Sc.

**Fees Structure:**

| Sr. No. | Head of Fees | Grant-In-Aid B.Sc. Per Sem. | Self-Financed B.Sc. Per Sem. |
|---|---|---|---|
| 1 | Tuition Fee | 600 | 11000 |
| 2 | Admission Fee (One Time) | 100 | 100 |
| 3 | Identity Card Fee (One Time) | 50 | 50 |
| 4 | Student Teacher's Welfare Activities Fee | 300 | 300 |
| 5 | Book & Equipment Fee | 300 | 300 |
| 6 | Student's Union Fee | 100 | 100 |
| 7 | Amenities Fee | 350 | 350 |
| 8 | Campus Development Fee | 100 | 100 |
| 9 | Internal Exam Fee | 125 | 125 |
| 10 | Enrolment Fee (One Time) | 100 | 100 |
| 11 | Enrolment Form Fee | 20 | 20 |
| 12 | Laboratory Fee (Including Computer Lab) | 1250 | 1500 |
| 13 | College Deposit (Including online) | 100 | 100 |
| 14 | Library Deposit (One Time) (Including online) | 200 | 200 |
| 15 | University Campus Development Fee | 50 | 50 |
| 16 | University Sports & Cultural Activity Fee | 20 | 20 |
| 17 | University Sports Complex Development Fee | 20 | 20 |
| | Total | 3,785 | 14,435 |

**નોંધ :–** ઉપરોકત ફી પોસ્પેકટસમાં શૈક્ષણિક વર્ષ : ૨૦૨૧–૨૦૨૨ મુજબ દર્શાવેલ છે. શૈક્ષણિક વર્ષ : ૨૦૨૨–૨૦૨૩ દરમ્યાન યુનિવર્સિટીની ફી નિર્ધારણ સમિતિ જો તેમાં કોઈ ફેરફાર કરે તો વિદ્યાર્થીને તે બંધનકર્તા રહેશે. અને વિદ્યાર્થીએ નવી નિર્ધારીત થયેલ ફી ભરવાની રહેશે.

## સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં મેરીટની ગણતરી

ધોરણ –૧૨ ના ટકાને આધારે (કુલ ગુણ માંથી મેળવેલ ગુણ પરથી ટકા નીકળશે)

ધોરણ–૧૨ ની પરીક્ષા એક કરતા વધારે પ્રયત્ને પાસ કરેલ હોય તો નીચે મુજબ ટકા કટ થશે.

| | |
|---|---|
| પ્રથમ પ્રયત્ને | ૦ |
| બીજા પ્રયત્ને | –૨ |
| ત્રીજા પ્રયત્ને | –૪ |
| ચાર તથા ચાર કરતા વધારે પ્રયત્ને | –૬ |

## B.Sc. તેમજ B.Sc. (Computer Science) ના અભ્યાસક્રમમાં

જો બે વિદ્યાર્થીઓના મેરીટ માર્કસ સરખા હશે તો નીચે મુજબ ની વિગતો ધ્યાને લેવામાં આવશે

(૧) પ્રેકટીકલ માર્કસ જે વિદ્યાર્થીના વધુ હશેતેને અગ્રિમતા આપવામાં આવશે.

(૨) જો પ્રેકટીકલના માર્કસ સરખા હોય તો જે વિદ્યાર્થીએ ગણિત / બાયોલોજી વિષયમાં વધારે માર્કસ મેળવ્યા હોય તેને અગ્રિમતા આપવામાં આવશે.

(૩) ક્રમ ૧ અને ૨ બાદ પણ જો ટાઈ હોય તો નીચેના અનુક્રમ વિષયોમાં વધુ માર્કસ હશે તેને અગ્રિમતા આપવામાં આવશે

બાયોલોજી / ગણિત

ફીઝીકસ

કેમેસ્ટ્રી

(૪) ક્રમ ૧, ૨ અને ૩ બાદ પણ જો ટાઈ યથાવત રહેતો જે વિદ્યાર્થી ઉમરમાં મોટો હોય તેને અગ્રિમતા આપવામાં આવશે

# યુનિવર્સિટી ગીત

ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત,
સ્થાપિત વિદ્યાપીઠ અમારી રમ્ય અને રળિયાત.

તાપી, પૂર્ણા, સરિત નર્મદા, અમ્બિકા, કાવેરી,
લાટ સદાએ લીલોછમ નદીઓનાં પટકૂળ પ્હેરી.
પશ્ચિમે રત્નાકર કેરી ઘૂઘવે તરંગમાળ,
કુદરતની છે મ્હેર કે ભૂમિ બારે માસ રસાળ.

સરળ પ્રકૃતિના સૌ લોકો આનન્દી, અભિજાત...
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત...

ભૃગુઋષિની પુણ્યભૂમિછે, ભૃગુકચ્છ મશહુર,
ચોર્યાસી બંદરના ધ્વજથી, સુરત સૌમ્ય – ભરપૂર.
રામ અને શબરીને પગલે, ધન્ય ડાંગની ધરતી,
કોલક, કીમ, મીંઢોળા નદીઓ, નિશદિન કલકલ ધરતી.

સાત સમંદર પાર અહીંની પ્રજા ઘણી પ્રખ્યાત,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત...

રાનીપરજ ને કાળીપરજના ભાતીગળ સંચાર,
આદિવાસી-વનવાસીઓના ઉત્સવમય વ્યવહાર.
અહીં બંદરો ધમધમતાં, ઉદ્યોગો ધમધોકાર,
કલા-કસબને ભ્રાતૃભાવના અહીં ઉત્તમ સંસ્કાર.

અર્વાચીન સમયનું ઊગ્યું અહીં પહેલું પરભાત...
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત...

નમક લઈ દાંડીમાં ગાંધીએ ફેંક્યો પડકાર,
બારડોલીના સત્યાગ્રહથી પંકાયા સરદાર.
કવિ નર્મદની કલમે પ્રગટ્યું ગરવું ગુર્જરી-ગીત,
મુનશીજીએ સદા શીખવી અસ્મિતા શું પ્રીત.

સ્વતંત્રતાનો દાદાએ અહીં શંખ ફૂંક્યો સાક્ષાત્,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત...

દક્ષિણ ગુર્જર ક્ષેત્રની વિદ્યાપીઠ અમારી માતા,
સત્ય, જ્ઞાનને અનંતની એ છે ઉજ્જવલ ઉદ્‌ગાતા.
એના ગૌરવ, વિકાસ પ્રગતિ અમને પ્રાણથી વહાલાં,
એને કંઠે પહેરવીશું સિદ્ધિની જયમાલા.

વિદ્યાને ચરણે ધરીએ નિષ્ઠાનાં પારિજાત,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત,
સ્થાપિત વિદ્યાપીઠ અમારી રમ્ય અને રળિયાત.

રચયિતા – શ્રી ભગવતીકુમાર શર્મા




**Veer Narmad South Gujarat University, Surat**

Re-Accredited by NAAC with 'A' Grade

Udhna - Magdalla Road, SURAT - 395 007 (GUJARAT)

Tele. Gram : VNSGU Tel : +91 - 261 - 222 71 41 to 46

Visit us at : www.vnsgu.ac.in



Published by : I/c. Registrar, Veer Narmad South Gujarat University, Surat